# જિલ્લામાં 'પદ્માવત'ના વિરોધની આગ

## બાલવા પાસે એક બસમાં આગ ચંપી, એક બસમાં તોડફોડ : માણસા નજીક આજોલ પાસે બસને સળગાવવાનો પ્રયાસ : સીટી પલ્સ બહાર હાઈવે પર અને માણસા પેટ્રોલ પંપ પાસે ટાયરો સળગાવી હાઈવે પર ચક્કાજામનો પ્રયાસ



ગાંધીનગર, તા. ૨૦

'પદ્માવત' ફિલ્મના વિરોધની આગ આજે સતત ત્રીજા દિવસે પણ જોવા મળી રહી છે. ગાંધીનગર જિલ્લામાં આજે ચારેય તરફ પદ્માવત ફિલ્મના વિરોધમાં હાઈવે પર ચક્કાજામ, બસો રોકીને બસ સળગાવવાનો પ્રયાસ, બસમાં તોડફોડ, રસ્તા વચ્ચે ટાયરો સળગાવવા જેવી ઘટનાઓ બનવા પામી હતી. તો બીજી તરફ ગાંધીનગર જિલ્લા પોલીસ પણ હવે કડક વલણ દેખાડીને સખત કાર્યવાહી શરૂ કરી છે. સાથોસાથ ગાંધીનગર જિલ્લા પોલીસ વડાએ સમાજના આગેવાનો સાથે બેઠક કરીને સમગ્ર મામલે નિખાલસપૂર્ણ ચર્ચા કરીને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

ગાંધીનગર નજીક બાલવા ચોકડી પાસે આજે બપોરના અરસામાં ટોળાએ બે બસો રોકાવીને મુસાફરોને ઉતારી મુકાવીને તોડફોડ શરૂ કરી દીધી હતી. એક બસમાં કાચની તોડફોડ કરી અને બીજી બસને આગ ચાંપી દીધી હતી. આ ઘટનામાં એક બસના ડ્રાયવરને ઈજા પણ થવા પામી હતી. ઘટનાની જાણ થતા જ એસપી વિરેન્દ્રસિંહ યાદવ સહિત માણસા-કલોલના પોલીસ અધિકારી કર્મચારીઓ અને એલસીબી-એસઓજીની ટીમો સ્થળ પર પહોંચી ગઈ હતી. બીજી તરફ ફાયર ઓફીસર મહેશ મોડ પણ કાફલા સાથે પહોંચીને આગ કાબુમાં લઈ લીધી હતી. આ બનાવ અંગે ગુનો દાખલ કરી આરોપીઓને દબોચી લેવા ટીમો દોડતી કરી દેવામાં આવી છે. મોડી સાંજ થતા જ અંધારામાં આ વિરોધ પ્રદર્શન વધુ વકર્યુ હતુ. સીટી પલ્સ થિયેટર બહાર ટોળુ ટાયરો સળગાવવા જતુ હતુ ત્યારે જ પોલીસ કાફલો ઈનપુટ આધારે સ્થળ પર પહોંચી ગયો હતો. પોલીસને જોઈને ટોળુ ટાયરો સળગતા મુકીને રફુચક્કર થઈ ગયુ હતુ.

તે ઉપરાંત માણસાના આજોલ ગામમાં રસ્તા વચ્ચે એક બસ ઉભી કરાવી દઈને મુસાફરો ઉતારી મુકી આગચંપી કરી તોડફોડ કરી ટોળુ ભાગી ગયુ હતુ. નજીકમાંથી ગ્રામજનોનું ટોળુ આવી પહોંચ્યુ અને ત્વરીત આગને કાબુમાં લઈ લીધી હતી. આ ઉપરાંત રાત્રે માણસા પાસે ડી.ડી. પટેલના પેટ્રોલપંપ બહાર તોફાની બનેલા ટોળાએ હાઈવે ઉપર ટાયરો સળગાવીને ચક્કાજામ કરવાનો પ્રયત્ન કર્યો હતો. માણસા તાલુકા વિસ્તારમાં સૌથી વધુ આ પ્રકારની ઘટનાઓ બનવા પામી છે. પોલીસે સઘન કાર્યવાહી કરી આરોપીઓને પકડવા તજવીજ શરૂ કરી છે.

## બાલવા પાસે બસને નુકશાન પહોંચાડતા એક કલાક બસ વ્યવહાર ખોરવાયો

### ગાંધીનગર ડેપોએ એક કલાક સુધી આ રૂટમાં દોડતી બસો અટકાવી દીધી

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગર જિલ્લામાં બસમાં આગ લગાડવાના બે ઠેકાણે બનાવો બન્યા હતા. પદમાવતી ફિલ્મના રીલીઝને અટકાવવા માટે ટોળાએ બસમાં આગ લગાવી બસમાં તોડફોડ કરીને નુકશાન પહોંચાડયુ હોવાના બનાવના લીધે ગાંધીનગર ડેપોથી ઉત્તર ગુજરાતના રૂટમાં દોડતી બસોને બપોરે એક કલાક સુધી સ્ટોપ કરી દેવામાં આવી હતી. બસ વ્યવહાર ખોરવાતા મુસાફરોએ પણ હાલાકી વેઠવી પડી હતી.

પદમાવતી ફિલ્મ રીલીઝ ન થાય તે માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે. જયારે આ ફિલ્મના રીલીઝના કાઉન્ટ ડાઉન પુર્વ અસામાજિક તત્વોએ આજે જિલ્લામાં બે ઠેકાણે એસ ટી બસને આગ લગાવાના તેમજ નુકશાન કરવાના બે બનાવો ધ્યાને આવ્યા છે. જેમાં બાલવા ચોકડી પાસે બપોરે ટોળાએ બસને આગ લગાવી હતી. જયારે એક બસને તોડફોડ કરી નુકશાન પહોંચાડયુ હતુ. આ ઉપરાંત માણસા તાલુકામાં આમજા પાસે પણ ટોળાએ બસને સળગાવાનો પ્રયાસ કર્યો હતો. બસને નુકશાન પહોંચાડવાની સાથે આગ લગાવાના બનાવો ધ્યાને આવતા મુસાફરોમાં પણ ફફડાટ પ્રવર્તયો છે. જયારે આ સ્થિતિ વચ્ચે મુસાફરો પણ ભયની લાગણી અનુભવી રહયા છે. આવા સંજોગોમાં એસ ટી બસ સેવા પણ પ્રભાવિત થઈ છે. આજે બપોરે બાલવા ચોકડી પાસે બસને સળગાવાના બનાવના અંતે ગાંધીનગર ડેપોથી ઉત્તર ગુજરાતના રૂટમાં દોડતી બસો અટકાવી દેવામાં આવી હતી. જેના લીધે એક કલાક સુધી બસો બંધ રહી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. બસ વ્યવ્હાર ખોરવાતા આ સ્થિતિ વચ્ચે મુસાફરોએ પણ હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો.

## જિલ્લા રાજપુત સમાજના પ્રમુખે શાંતિ જાળવવા અપીલ કરી

### કાયદાનું પાલન કરવા અપીલ કરી છે

ગાંધીનગર જિલ્લાના સમગ્ર રાજપુત સમાજના તથા અન્ય સમાજના લોકોને જિલ્લા રાજપુત સમાજના પ્રમુખ રાજનસિંહજી પી. ચાવડાએ જાહેર વિનંતી કરી છે કે ગાંધીનગર જિલ્લામાં પદ્માવત ફિલ્મ રજુ નહી થાય તેવી દરેક સિનેના ઘરના માલીકોએ ખાતરી આપી છે. તેથી દરેકને નમ્ર અરજ છે કે કોઈ પણ સરકારી, અર્ધસરકારી કે ખાનગી વાહનો-ઈમારતોને નુકશાન થાય નહી તેની કાળજી રાખી કાયદાનું પાલન કરવા અપીલ કરી છે.

## સંવેદનસીલ વિસ્તારોમાં પોલીસ સેન્ડ ટુ : સઘન પેટ્રોલીંગના આદેશ

જિલ્લામાં અલગ અલગ વિસ્તારોમાં બસમાં તોડફોડ, આગચંપી, ચક્કાજામ અને ટાયરો સળગાવવાના બનાવો બનતા ગાંધીનગર એસપી વિરેન્દ્રસિંહ યાદવે તમામ થાણા ઈન્ચાર્જને નાઈટ પેટ્રોલીંગમાં રૂબરૂ હાજર રહેવા તથા સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસને સ્ટેન્ડ ટુ રાખવા ઉપરાંત સઘન હાઈવે પેટ્રોલીંગ રાખવા કડક સૂચનાઓ આપી દીધી છે.


## બેસણું/સુવાળા



અમારા મોટાભાઈશ્રી (ભુવાજી) **રાણા કરણસિંહજી ગોપાળભા** તા. ૧૭/૧/૨૦૧૮ને બુધવારના રોજ દેવલોક પામ્યા છે. **સદ્દગતનું બેસણું /સુવાળા તા. ૨૨/૧/૨૦૧૮ને સોમવારના રોજ** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન :** મુ.પો. ધણપ, ઠે. જીલુભાનો વાસ (રામજી મંદિર પાસે), તા.જી. ગાંધીનગર. મો. ૭૮૦૨૯ ૨૫૨૮૨

રાણા દિલીપસિંહ કરણસિંહ (પુત્ર)
રાણા અરજીતસિંહ ગોપાળભા (ભાઈ)
રાણા વિનોદસિંહ ગોપાળભા (ભાઈ)
રાણા અશોકસિંહ ગોપાળભા (ભાઈ)
રાણા વનરાજસિંહ ગોપાળભા (ભાઈ)
સ્વ. રાણા ગોપાળભા મગનભા (પિતા)
સ્વ. રાણા હેમતુભા મગનભા (કાકા)
સ્વ. રાણા દેવુબા ગોપાળભા (માતા)
રાણા અરજનસિંહ હેમતુભા (ભાઈ)
રાણા જસવંતસિંહ હેમતુભા (ભાઈ)
રાણા વિક્રમસિંહ હેમતુભા (ભાઈ)
રાણા સુરેન્દ્રસિંહ હેમતુભા (ભાઈ)


## નગરના બગીચાઓની જેમ બાગાયત તંત્ર પણ ઉજ્જડ હાલતમાં

### બાગાયત તંત્રમાં ૧૬ જગ્યાઓ સામે એક બાગાયત અધિકારીના માથે બોજ એ પણ ચાર્જમાં

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરના ઉદ્યાનો ઉજ્જડ બન્યા છે. ઉદ્યાનોએ હરિયાળી ગુમાવતા વેરાન બગીચાઓની જાળવણી પણ વિસરાઈ છે. જયારે બગીચાઓ જેવી જ હાલત બાગાયત વિભાગની છે. મેનપાવરના અભાવે બાગાયત તંત્રની કામગીરી ખાડે ગઈ છે. કચેરીમાં ૧૬ પૈકી માત્ર એક આશિષ્ટન્ટ સુપ્રિટેન્ડેન્ટ જ બાગાયત તંત્રનો વહીવટ સંભાળી રહયા છે. અલબત્ત બાગાયત અધિકારી, ટેકનિકલ ઓફિસર સહીતનો ચાર્જ માત્ર એક જ અધિકારી પાસે છે. સેકટરોના બગીચાઓ સહીત અન્ય ઉદ્યાનોની દરકાર લેવા માટે તંત્ર પાસે મશીનરી અને મેનપાવરનો અભાવ છે. બગીચાઓની ઉજ્જડ હાલતના મુળમાં બાગાયત તંત્રની આ દશા વિશેષ રીતે જવાબદાર હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. નગરના ઉદ્યાનોની જેમ બાગાયત તંત્ર પણ ઉજ્જડ હાલતમાં છે.

ગાંધીનગરના બગીચાઓએ છેલ્લા ઘણાં

● અનુસંધાન પાન-૭ પર

## લક્ષ્યાંક સિદ્ધિ માટે તમામ કચેરીઓ હવે કામે લાગે : જિલ્લા કલેક્ટર

### પેયજળની સ્થિતિ અંગેનો અહેવાલ રજુ કરવા અને નાગરિક અધિકાર પત્રની અરજીઓનો સમયમર્યાદામાં નિકાલ થાય તે જોવા માટે કડક તાકીદ કરાઈ

ગાંધીનગર, તા. ૨૦

દરેક કચેરીઓ તેમને તેમના વિભાગો દ્વારા આપવામાં આવેલા લક્ષ્યાંકોને સિદ્ધ કરવા માટે પૂરી મહેનત સાથે કામે લાગે તેમ જિલ્લા કલેક્ટર સતીષ પટેલે આજે સંકલન સમિતિની બેઠકમાં કહ્યું હતું.

બે મહિના પછી આજે મળેલ સંકલન સમિતિની બેઠકમાં જિલ્લા કલેક્ટરે ઈનોવેટીવ કાર્યક્રમો પણ તેમના સંબંધિત વિભાગો અને તેની યોજનાઓને લઈ આપવા પર પણ એટલો જ ભાર મુક્યો હતો.

આજની આ સંકલન સમિતિની બેઠકમાં જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા તમાકુ વિરોધી અભિયાન અંતર્ગત એક જ દિવસમાં રૂ. ૧૨ હજારનો દંડ વસુલવા માટે તંત્રના અધિકારી ડૉ. તુલસીમાન અને તેમની ટીમનું અભિવાદન પણ કરવામાં આવ્યું હતું. ઉનાળાના દિવસો આવતા હોવાથી દરેક ગામમાં પાણીની સ્થિતિ અને સ્ત્રોતોની ચકાસણી કરવા માટે કલેક્ટરે તાકીદ કરી હતી અને તે અંગે વિગતવાર અહેવાલ તેમની સમક્ષ રજુ કરવામાં આવે તેમ પણ તેમણે જણાવ્યુ હતુ.

જિલ્લા કલેક્ટરે વસુલાતની કામગીરી પણ નાણાંકીય વર્ષ પૂર્ણ થવામાં હોવાથી તેમણે તેના પર ધ્યાન કેન્દ્રીત કરવા માટે જણાવ્યુ હતુ. આ ઉપરાંત નાગરિક અધિકાર પત્ર અન્વયે મળેલ અરજીઓનો તેની સમયમર્યાદામાં જ નિકાલ થાય તે જોવા પણ આગ્રહ કર્યો હતો. આ ઉપરાંત પેન્શન અને ઉચ્ચત્તર પગારના કેસોના ઝડપી નિકાલ માટે ખાસ સૂચનાઓ આપી હતી.

જિલ્લા કલેકટર પટેલે લોકાભિમુખ વહીવટીતંત્ર અને તે માટે પણ વિશેષ માર્ગદર્શન સાથે ટીપ્સ આપી હતી.


## પ્રાર્થનાજલિ



**સ્વ. જે. પી. મહેતા**
સ્વર્ગવાસ તા. ૨૦-૧-૨૦૧૧

વટવૃક્ષ સમાન વિશાળ પરિવારને સંપ, સહકાર અને સત્યતાનો માર્ગ બતાવનાર, જીવનની સુમધુર સુવાસ ફેલાવનાર એવા પરોપકારી સ્વભાવના આત્માને અમો કદી નહીં ભૂલીએ.... પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના

લિ.
ગં.સ્વ. પદ્માબેન મહેતા
રાજુલ - સ્નેહા - શ્રેયા - પ્રહરકુમાર - હિતા
નિપુલ - ક્રિષ્ના - નીલ - મેધા - જયમીન
સુકેતુ - જીજ્ઞા ● નિધી - નીલકુમાર



## "સંસ્કૃતિ" સંસ્થા, ગાંધીનગર

## 'રાજધાનીનાં રતન'

'સંસ્કૃતિ' દ્વારા ગાંધીનગર શહેર અને જિલ્લામાં વસતા કલાકારોની એક ડિરેકટરી બનાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ કામગીરી તેના સક્રિય તબક્કામાં પ્રવેશી ચૂકી છે ત્યારે સંસ્થા દ્વારા એવી કાળજી લેવાઈ રહી છે કે આ ડિરેકટરીમાં પાટનગરના તમામ અગ્રણી તેમજ જેમનું પ્રદાન નોંધનિય છે અને જેમનું પ્રદાન અત્યંત આશાસ્પદ છે એવા તમામ કલાકારોનો આમાં સમાવેશ થઈ જાય. આ માટે તમામ કલાકારોને ફરીથી વિનંતી કરવામાં આવે છે જેઓએ આ કલા ડિરેકટરી માટે પોતાની વિગતો ન આપી હોય તો સત્વરે આપીને આ એક કલા વિષયક સેવા પ્રવૃત્તિને પ્રોત્સાહન આપે.

**નિયત ફોર્મ મેળવવા માટે સંપર્ક :**

| | |
|---|---|
| ડૉ. ચેતના અ. બુચ<br>પ્લોટ નં. ૨૨૦, અષ્ટલક્ષ્મી એપા.,<br>સેકટર-૨૦, ગાંધીનગર<br>મો. ૯૮૨૫૮ ૧૬૦૧૮ | શ્રી હરેશ કે. ઠાકર<br>પ્લોટ નં. ૨૩૧/૧, ડી-ટાઈપ,<br>જુના એમ.એલ.એ. કવાર્ટર, સે.૧૭,<br>ગાંધીનગર. મો. ૯૪૨૭૩ ૧૭૪૪૯ |
| મનોજ શુકલ<br>મંત્રી-૯૮૨૫૮ ૭૯૫૨૯ | રમેશ પટેલ<br>પ્રમુખ, 'સંસ્કૃતિ' સંસ્થા |

સ્થળ સૌજન્ય : કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. ફોન : ૨૩૨૧૧૪૮૯, ૨૩૨૪૩૬૨૩



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · Kisan · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT · BRIDGESTONE



તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭



ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com